S. J. & E. DEPTT.
30 AUG 2022
IWDMS No. 47096

પાલક માતા પિતા યોજનાના ધારા
ધોરણમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ
ઠરાવ ક્રમાંક: જજઅ/૧૦/૨૦૧૮/૨૪૯૯૭૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૬/૮/૨૦૨૨

વંચાણેલીધા :-

(૧) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ ૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૨૯/૦૮/૨૦૦૯.

(૨) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:અનથ ૧૦૨૦૦૮/ન.બા.૦૧/છ, તા.૧૮/૧૨/૨૦૦૯.

(3) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૫/૮૪૧૫૦૫/ન.બા.૦૭/છ, તા.૨૯/૦૪/૨૦૧૬.

(૪) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના પત્ર ક્રમાંક:જજઅ/ ૧૦૨૦૧૭/૫૭૯૦૯૪/છ, તા.૦૪/૦૧/૨૦૧૮.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો પત્ર ક્રમાંક:સસુખા/CPD/PMPY/22-23/૯૫૪, તા.૩૦/૦૬/૨૦૨૨.

આમુખ :-

વંચાણે લીધા ક્રમાંક (૧) થી પાલક માતા પિતા યોજના સમગ્ર રાજ્યમાં લાગુ પાડવા માટેના વહીવટી મંજૂરીનાં હુકમો કરવામાં આવેલ, જેમાં વંચાણે લીધા ક્રમાંક (૨) થી પસ્તુત યોજનાના ધારા ધોરણમાં ફેરફાર કરવામાં આવેલ હતો. વંચાણે લીધા ક્રમાંક (3) થી સહાય ૧૦૦૦/- થી વધારી ૩૦૦૦/- કરાયેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૪) થી પાલક માતા પિતા યોજનાને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) યોજના હેઠળ આવરી લેવાની મંજૂરી આપવામાં આવેલ છે. નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ વંચાણે લીધા ક્રમાંક (૫) થી પાલક માતા પિતા યોજનાના લાભાર્થી બાળકોના બેંકમાં ખાતા (Bank A/C) ખોલવામાં પડ્તી મુશ્કેલીને ધ્યાને લઇ, પસ્તુત યોજનાના ધારા ધોરણમાં સુધારો કરવાની દરખાસ્ત અત્રે મોકલી આપવામાં આવેલ હતી. જે વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે વંચાણે લીધા ઠરાવ ક્રમાંક (૨) ના જોગવાઇ (૯) માં જુની જોગવાઇના સ્થાને આથી નીચે પ્રમાણે નવી જોગવાઇ દાખલ કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ:</u>

(૯): અનાથ બાળકોની સંભાળ રાખતા માતા પિતા કે નજીકના સગા ને માસિક રૂ.૩૦૦૦/- સહાય પેટે ચૂકવવામાં આવશે. પાલક માતા પિતા યોજ્નાના લાભાર્થી ૧૦

વર્ષથી મોટી ઉંમરના બાળકના કેસમાં, બાળકના નામનુ અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં જ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT)થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે, જ્યારે ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરના બાળકના કેસમાં, અનાથ બાળકના ઉછેરની જવાબદારી જે વ્યક્તિએ ઉપાડી હોય તે વ્યક્તિના પોતાના એકલાના નામે જ બેંક ખાતું (Bank A/C in Singal name)ખોલવીને તે ખાતામાં ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT) થી માસિક સહાયની રકમ જમા કરવામાં આવશે. ૧૦ વર્ષ કે તેથી નાની ઉંમરનુ બાળક જ્યારે ૧૦ વર્ષથી વધુ ઉંમરનુ થાય ત્યારે તે બાળકના નામનું અલગ બેંક ખાતુ ખોલાવીને તે ખાતામાં માસિક સહાયની રકમ ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર (DBT)થી જમા કરવામાં આવશે.

આ યોજનાની અન્ય શરતો વંચાણે લીધા ક્રમ (૧) ક્રમ (૨) અને ક્રમ (૩) મૂજબ તેમજ સમયાંતરે આ યોજનામાં થયેલ સુધારા મૂજબની રહેશે.

સરખા ક્રમાંકની ફાઇલ પર માનનીય મંત્રીશ્રી (સા.ન્યા)ની તા.૧૮/૦૮/૨૦૨૨ના રોજ મળેલ મંજુરી અન્વયે આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દ્રષ્ટિ શાહ)
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- અગ્ર સચિવશ્રી, માન.રાજ્યપાલશ્રીનું કાર્યાલય, રાજ ભવન, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક મંત્રીશ્રી (વિ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક મંત્રીશ્રી (અ.જા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશ , સા.ન્યા. અને અ. વિભાગ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬. ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ (નિયામકશ્રી સ.સુ મારફતે).
- નિયામકશ્રી (અ.જા.ક.), ડો. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર .
- નિયામકશ્રી (વિ.જા.ક.), ડો. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર .
- નિયામકશ્રી (સ.સુ.), ડો. જીવરાજ મહેતા ભવન. ગાંધીનગર .
- સિસ્ટમ મેનેજરશ્રી, કો-સેલ , સાન્યા અને અ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર મુકવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ -૨૦૨૨